મુદામાલ પરત મેળવવાની અરજી તળે હુકમ :-

(૧) અરજદાર હરજી મનજી ભુડીયાએ ભુજ શહેર એ ડીવી.પો.સ્ટે. પાર્ટ એ ગુના રજી.નં. ૦૧૮૭/૨૬, બી.એન.એસ.કલમ ૩૦૩(૨) વાળા ગુનાના કામે કબજે લેવામાં આવેલ મુદામાલ (૧) ટી.સી.એલ.ટી.વી.૪૮ ઇંચ, (૨) પાણી ગરમ કરવાનું ગીઝર, (૩) કોલ્ડલેસ ડ્રીલ મશીન કીટ, (૪) હેમર મશીન, (૫) ગ્રાઇન્ડર મશીન નંગ-૨, (૬) પાના સેટ, (૭) હેર ડ્રાયર નાના મોટા મશીન નંગ-૨, (૮) કટર મશીન, (૯) સેન્ડર મશીન, (૧૦) રસોડાનો સામાન કુકર, તવો, કડાઇ, તપેલીઓ, (૧૧) દરવાજાના પિતળના નકુચા નંગ-૭, (૧૨) બાથરૂમમાં લગાવવાના મોટા નળ નંગ-૩, (૧૩) નળમાં લગાવવાના પાઇપ, નાના નળ નંગ-૨, નળના લોક નંગ-૧, ફુવારાના નળ નંગ-૫, ફુવારા નળના બોલ્ટ નંગ-૧૦, નાની મોટી કલીપ નંગ-૧૬, ઇલેકટ્રીક વાયર તથા અન્ય નાની મોટી ઇલેકટ્રીક ચીજ વસ્તુઓ વાળા મુદામાલ વચગાળાની કસ્ટડી મેળવવા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૪૯૭ મુજબ હાલની અરજી કરી જણાવેલ છે કે આ ગુના કામે કબજે થયેલ મુદામાલ તેઓના ભાઇ ભાભીની માલીકીનો છે, જે તેઓના ઘરમાંથી ચોરી થયેલ છે. સદર મકાનની સારસંભાળ તેઓ રાખતા હોઇ, હાલની અરજી કરેલ છે તેમજ સદર મુદામાલ લાંબો સમય પોલિસ સ્ટેશનમાં બિનવપરાશે પડી રહે તો તેઓને આર્થીક નુકસાન થાય તેમ હોઇ, મુદામાલ તેઓને પરત સોંપવાનો હુકમ કરવામાં આવશે તો નામ.કોર્ટ ધ્વારા ફરમાવવામાં આવેલ તમામ શરતોનું પાલન કરવા અને જામીન આપવા તૈયાર હોઇ મુદામાલ પરત સોંપવા અરજ કરેલ છે.

(૨) તેઓએ તેમની અરજીના સમર્થનમાં અરજદારના આધાર કાર્ડની નકલ, જનરલ પાવર ઓફ એટર્નીની નકલ, મુદામાલ ખરીદ્યાના બીલ તેમજ સોગંદનામું, મકાનના પ્રોપર્ટી કાર્ડની નકલ રજુ કરેલ છે.

(૩) આ કામે જરૂરી પક્ષકારોને નોટીસ કાઢેલ અને તેના અનુસંધાને ત.ક. અ.શ્રી એ પોતાનો અભિપ્રાય મુદામાલ પાવતી અને પંચનામાની નકલ સાથે રજુ કરેલ છે, જેમાં તેઓએ ઉપરોકત મુદામાલ અરજદારને શરતોને આધીન

પરત સોંપવાનો હકારાત્મક અભિપ્રાય આપેલ છે. અરજી તળે વિ.એ.પી.પી.શ્રી નો શેરો વંચાણે લીધો.

(૪) ઉપરોકત સમગ્ર હકીકતોને લક્ષમાં લેતાં તેમજ બંને પક્ષકારો તરફે રજુ થયેલ રજુઆતો, ફરીયાદ ની હકીકત ધ્યાને લેતાં આ કામે અરજદારના ભાઇ ભાભીના મકાનમાંથી ઉપરોકત મુદામાલની ચોરી થયેલ હોવાની ફરીયાદ અરજદાર ધ્વારા નોંધાવવામાં આવેલ છે, જે મુદામાલ આરોપી પાસેથી પંચનામાની વિગતે કબજે થયેલ છે. અરજદાર ના ભાઇ ભાભી વિદેશ રહે છે અને અરજદાર સદર મકાનની સારસંભાળ રાખતા હોઇ તેમજ તેઓની તરફેણમાં પાવર ઓફ એટર્ની કરેલ હોઇ, ચોરી થયેલ મુદામાલ પરત મેળવવા હાલની અરજી કરેલ છે. અરજદારે અરજી સાથે સદર મુદામાલ ખરીદ્યાના બિલ ની નકલ રજુ કરેલ છે તેમજ સોગંદનામું પણ રજુ કરેલ છે. અરજદાર સીવાય અન્ય કોઇ વ્યકિતએ કલેઇમ કરેલ નથી. આમ, સદર મુદામાલ અરજદાર પરત મેળવવા હકકદાર હોવાનું પ્રથમ નજરે જણાઇ આવે છે. તેઓ ની રજુઆત મુજબ મુદામાલ લાંબો સમય પોલિસ સ્ટેશનમાં પડી રહે તો તેઓને આર્થીક નુકસાન જાય તેવી સંભાવના હોવાની રજુઆત યોગ્ય જણાય છે. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતના <u>સુંદરલાલ અંબાલાલ દેસાઇ વિ.સ્ટેટ ઓફ ગુજરાત નો ચુકાદો જે એ.આઇ.આર. ૨૦૦૩ એસ.સી. ૬૩૮</u> પર પ્રસિધ્ધ થયેલ છે, તેમાં નામદાર સર્વોચ્ચ અદાલતે એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે મુદામાલને લાંબો સમય પોલિસ સ્ટેશનમાં પડતર ન રાખતાં યોગ્ય શરતોને આધીન તેના માલીક ને સોંપવો જોઇએ. આ અરજીના કામે ત.ક.અ.શ્રી નો અભિપ્રાય ધ્યાને લેતાં તેઓએ મુદામાલ અરજદારને પરત સોંપવાનો હકારાત્મક અભિપ્રાય આપેલ છે. અરજદાર સિવાય અન્ય કોઇ વ્યકિત એ મુદામાલ સંબંધે કલેઇમ કરેલ નથી, તે સંજોગોમાં રજુ થયેલ રેકર્ડ ધ્યાને લેતાં પોલિસ તપાસના કામે મુદામાલની જરૂરીયાત ન હોય, ત્યારે મુદામાલ કેસ પુરો થતાં સુધી પોલિસ સ્ટેશને મુકી રાખવાનું ન્યાયોચીત જણાતું નથી તેમજ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૪૯૭ ની જોગવાઇને ધ્યાને લેતાં હાલના અરજદાર ને મુદામાલ વચગાળાની કસ્ટડી તરીકે પરત સોંપવાનો શરતી હુકમ કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઇ રહેશે, તેવા મંતવ્ય પર આવી નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે :–

**-:: હુકમ ::-**

અરજદાર હરજી મનજી ભુડીયાએ ભુજ શહેર એ ડીવી.પો.સ્ટે. પાર્ટ એ ગુના રજી.નં. ૦૧૮૭/૨૬, બી.એન.એસ.કલમ ૩૦૩(૨) વાળા ગુનાના કામે કબજે લેવામાં આવેલ મુદામાલ (૧) ટી.સી.એલ.ટી.વી.૪૮ ઇંચ, (૨) પાણી ગરમ કરવાનું ગીઝર, (૩) કોલ્ડલેસ ડ્રીલ મશીન કીટ, (૪) હેમર મશીન, (૫) ગ્રાઇન્ડર મશીન નંગ-૨, (૬) પાના સેટ, (૭) હેર ડ્રાયર નાના મોટા મશીન નંગ-૨, (૮) કટર મશીન, (૯) સેન્ડર મશીન, (૧૦) રસોડાનો સામાન કુકર, તવો, કડાઇ, તપેલીઓ, (૧૧) દરવાજાના પિતળના નકુચા નંગ-૭, (૧૨) બાથરૂમમાં લગાવવાના મોટા નળ નંગ-૩, (૧૩) નળમાં લગાવવાના પાઇપ, નાના નળ નંગ-૨, નળના લોક નંગ-૧૧, કુવારાના નળ નંગ-૫, કુવારા નળના બોલ્ટ નંગ-૧૦, નાની મોટી કલીપ નંગ-૧૬, ઈલેકટ્રીક વાયર તથા અન્ય નાની મોટી ઈલેકટ્રીક ચીજ વસ્તુઓ વાળા મુદામાલ ની વચગાળા ની કસ્ટડી મેળવવા કરેલ હાલની અરજી મંજુર કરવામાં આવે છે અને એવો હુકમ કરવામાં આવે છે કે, અરજદારે મુદામાલ પાવતીમાં જણાવેલ રકમની દોઢ ગણી રકમના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા પોલિસ સ્ટેશનના જવાબદાર અધિકૃત અધિકારી સમક્ષ રજુ કર્યેથી વચગાળાની કસ્ટડીએ, કામચલાઉ ધોરણે, નીચેની શરતોને આધીન ઉપરોકત મુદામાલ વચગાળાની કસ્ટડી તરીકે પરત સોંપવો.

**શરતો :-**

૧. આ કેસની ઇન્સાફી કાર્યવાહી પુર્ણ ન થાય ત્યાં સુધી તેઓએ મુદામાલ કોઇને પણ વેચાણ, ગીરો કે ટ્રાન્સફર કરવો કરાવવો નહીં.

૨. અત્રેની અદાલત તથા ત.ક.અ. જયારે પણ મુદામાલ મગાવે ત્યારે તે અરજદારે રજુ કરવો.

૩. આ કેસની ઇન્સાફી કાર્યવાહી પુર્ણ ન થાય ત્યાં સુધી તેઓએ મુદામાલ ના બાહય માળખામાં કોઇ પણ જાતનો ફેરફાર કરવો કરાવવો નહીં તેમજ સદર મુદામાલનો એક ફોટો પાડી, તે પાછળ પોતાની સહી કરી બોન્ડ સાથે ત.ક.અ. ને આપવા.

૪. સંબંધીત પોલિસ સ્ટેશનના જવાબદાર અધિકારીશ્રી ને હુકમ કરવામાં આવે છે કે મુદામાલ અંગે માલીકી હકકની ખરાઇ કર્યા બાદ જ મુદામાલ પરત સોંપવો.

૬. ઉપરોકત કોઈપણ શરતનો ભંગ થયેથી હાલનો વચગાળાનો હુકમ આપોઆપ રદ ગણાશે તથા મુદામાલ ફરીથી જપ્ત થવાને પાત્ર રહેશે

હુકમ મુજબ સંબંધિત પોલિસ સ્ટેશનને યાદી કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૨/૩/૨૦૨૬
સ્થળ : ભુજ–કચ્છ

**( એમ. એમ. કુરેશી )**
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ભુજ–કચ્છ.
GJ01472